بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم و علی عبدہ المسیح الموعود

لا الہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصار اللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

حوالہ نمبر/Ref ____________ تاریخ/Date ____________

# આંહઝરત (સ.અ.વ.)ના મહાન ઉદાહરણના પ્રકાશમાં આપના ઉમદા નૈતિકતાનું હૃદય સ્પર્શી સ્મૃતિચિત્રો

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.**

**તા .૧૨ જૂન ૨૦૨૬ સ્થળ: મસ્જિદ મુબારક, ઈસ્લામાબાદ, (યુ.કે)**

તશહહુદ, તઆઉઝ, સુરાહ ફાતિહા અને સુરાહ અલ-બકરાહની આયત 275 અને સુરા અલ-ઝારિયાતની આયત 20ની તિલાવત પછી, હઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

મેં તિલાવત કરેલી પહેલી આયત સુરા અલ-બકરાહની છે, જેનો અનુવાદ આ રીતે થાય છે: તે લોકો જે પોતાની દૌલત રાત અને દિવસ જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ (દાન) કરે છે તેમનો બદલો તેમના રબ પાસે છે તેમના માટે કોઈ ભય નથી, કોઈ દુ:ખ નથી.

બીજી આયત સુરા અલ-ઝારિયાતની છે, જેમાં અલ્લાહ તઆલા ફરમાવે છે: અને તેમની મિલકતમાં માગનાર તેમજ ન માગનારાઓનો હિસ્સો હતો.

આજે હું આંહઝરત (સ.અ.વ.)ના ઉમદા નૈતિકતા વિશે કેટલીક રિવાયતો બયાન કરીશ. આ રિવાયતો દર્શાવે છે કે આપ (સ.અ.વ.)નો પોતાનો અમલ શું હતું અને કેવી રીતે આપ (સ.અ.વ.)એ વારંવાર મોમિનોને તેના વિશે ધ્યાન દોર્યું.

પવિત્ર કુરઆનમાં, અલ્લાહ તઆલાએ જરૂરિયાતમંદોની જરૂરિયાતો પૂરી કરવા પર ખૂબ ધ્યાન આપ્યું છે. આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પણ ફક્ત પોતાના ઉપદેશોથી નહિ પણ પોતાના અમલથી પણ આ તરફ ખૂબ ધ્યાન અપાવ્યું છે.

હઝરત અનસ (રઝી) બયાન કરે છે કે આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆના શબ્દોથી દુઆ કરતાં હતા કે અય અલ્લાહ ! મેં બુખ્લ સે, સુસ્તી સે, બદતરીન ઉમ્ર સે, ઔર કબ્ર કે આઝબ સે, ઔર ઝીંદગી ઔર મોત કે ફિત્ને સે તેરી પનાહ માંગતા હું.

તેવી જ રીતે, હઝરત અનસની જ રિવાયત છે કહે છે કે આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆ કરતાં હતા કે اللَّهُمَّ إِنِّي أَعُوذُبِكَ مِنَ الْهَمِّ وَالْحَزَنِ، وَالْعَجْزِ وَالْكَسَلِ، وَالْجُبْنِ وَالْبُخْلِ، وَضَلَعِ الدَّيْنِ وَغَلَبَةِ الرجال ۔
અર્થાત : હે અલ્લાહ હું ચિંતા અને ગમથી, નમ્રતા અને આળસથી, અને કાયરતા અને કંજૂસીથી અને કર્ઝના અતિરેક હોવાથી અને લોકોના આધિપત્યથી તારી પનાહ લઉ છું.

અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવા અંગે, આપ (સ. અ. વ.)એ આ સલાહ આપી છે: તમારી થેલીનું મોં બાંધીને ન રાખો, નહીંતર તે તમારાથી રોકી લેવામાં આવશે. ફરમાવ્યું: ગણતરી ન કરતા રહો, નહીં તો અલ્લાહ પણ ગણતરી કરીને જ આપશે.

ફરમાવ્યું: ઉદાર વ્યક્તિ અલ્લાહની નજીક, જન્નતની નજીક, લોકોની નજીક અને આગથી દૂર છે. જ્યારે કંજૂસ અલ્લાહ, જન્નત અને લોકોથી દૂર છે પણ આગની નજીક છે. છેતરપિંડી કરનાર, કંજૂસ અને દયાળુ હોવાનો ઢોંગ કરનાર જન્નતમાં પ્રવેશ કરશે નહીં. મોમિન સરળ અને ઉદાર હોય છે, જ્યારે કંજૂસ કપટી અને ધૃણાસ્પદ હોય છે.

એક પ્રસંગે, સલાહ આપતી વખતે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે હે ઈબ્ને આદમ! તારો પોતાની જરૂરતથી વધારે માલ ખર્ચ કરવું તારા માટે બહેતર છે. તારો તેને રોકી રાખવો ખોટું છે. બકદરે જરૂરત રોકી રાખવામાં મલામત ન કરવામાં આવશે તેનાથી શરૂ કર જેની પરવરીશ તારા જિમ્મે છે ઉપર વાળો હાથ નીચે વાળા હાથથી બહેતર છે.

એક વાર,  આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત બિલાલ (રઝી) પાસે આવ્યા અને તેમની પાસે ખજૂરનો ઢગલો હતો, જે તેમણે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને આપના મહેમાનો માટે સંગ્રહિત કર્યો હતો. પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હઝરત બિલાલને સંબોધીને ફરમાવ્યું, શું તમને ડર નથી કે નર્કની ગરમી આ ઢગલા સુધી પહોંચી જશે? પછી આપે ફરમાવ્યું, હે બિલાલ! ખર્ચ કરતા રહો. અર્શના માલિક અલ્લાહની હાજરીમાં ગરીબી અને વંચિતતાથી ડરશો નહીં.

એક પ્રસંગે, પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું, હું ફક્ત વિતરક છું, આપનાર અલ્લાહ તઆલા છે.

દોસખાનો ગુણ આપમાં બઅસત પહેલા પણ હાજર હતો, જેમ કે આપણે હઝરત ખાદીજાના નિવેદનમાં વાંચીએ છીએ જે તેમણે પ્રથમ સાક્ષાત્કાર પ્રસંગે આપ્યું હતું.

તેઓએ ફરમાવ્યું હતું કે ડરવાની કોઈ જરૂર નથી. ખુદાની કસમ! અલ્લાહ આપ સ. અ. વ. ને  ક્યારેય અપમાનિત કરશે નહીં. તમે સગપણ જાળવી રાખો છો, નમ્ર લોકોનો ભાર ઉઠાવો છો, લુપ્ત થઈ ગયેલા સારા કાર્યો કરો છો, આતિથ્ય બતાવો છો અને વાસ્તવિક મુશ્કેલીમાં મુકાયેલા લોકોને મદદ કરો છો.

આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે બે આદતો મોમિનોમાં હોઈ ન શકે એક બુખ્લ અને બીજી બદખુલ્કી. ફરમાવ્યું ઝુલ્મથી બચો, અને લોભથી સાવધ રહો, કારણ કે તેણે તમારા પહેલાના લોકોને નષ્ટ કરી દીધા હતા. લોભ, કંજૂસતા અને શ્રદ્ધા કોઈ પણ સેવકના હૃદયમાં સાથે રહી શકતા નથી.

હઝરત અનસ (રઝી) બયાન કરે છે કે રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) લોકોમાં સૌથી સુંદર, લોકોમાં સૌથી ઉદાર અને લોકોમાં સૌથી હિંમતવાન હતા.

આપ સ. અ. વ. એ ફરમાવ્યું, કે અલ્લાહ બધા ઉદાર લોકોમાં સૌથી ઉદાર છે, અને હું આદમના બાળકોમાં સૌથી ઉદાર છું.

હદીસોમાં ઉલ્લેખ છે કે આંહઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રમઝાનમાં વધુ ઉદારતા ફરમાવતા હતા અને ખૈર વ ભલાઈમાં આપ સ. અ. વ. તેજ વાવાઝોડાથી પણ વધુ તેજ થઈ જતાં. આપ સ. અ. વ. ફરમાવતા હતા કે મારી પાસે તહામાના પહાડ બરાબર પણ સોનું હોત તે હું તે તમામ તમારામાં વહેંચી દેત તમે મને જૂઠો અને બખિલ ન જોતાં મને પસંદ નથી કે મારી પાસે ઉહદ પહાડ જેટલું સોનું હોય અને ત્રીજી રાત ગુજરી જાય કે તેમાંથી એક દીનાર પણ મારી પાસે રહી જાય સિવાય તેના કે મે કર્ઝ અદા કરવા માટે રાખી મૂક્યો હોય.

ફરમાવ્યું: જે લોકો ખૂબ જ ધનવાન છે અને જરૂરિયાતમંદો પર ખર્ચ કરતા નથી તેઓ કયામતના દિવસે ખૂબ જ ગરીબ હશે.

એક માણસે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે બે પર્વતો વચ્ચેના બધા બકરીઓ માંગી. આપ (સ. અ. વ.)એ તે તેને આપી દીધા. તે પોતાના લોકો પાસે ગયો અને કહ્યું, "હે મારા લોકો! ઈમાન લઈ આવો! ખુદાની કસમ, મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જે એટલું બધું આપે છે કે ગરીબીનો ડર રહેતો નથી.

ક્યારેક, જો કોઈ વ્યક્તિ ફક્ત દુનિયા માટે ઈસ્લામ સ્વીકારે છે, તો ઈસ્લામ તેને દુનિયા અને તેમાં રહેલી દરેક વસ્તુ કરતાં વધુ પ્રિય બની જાય છે. પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આવનારને કોઈ શે બચાવીને ન રાખતા. એક વાર નબી કરીમ સ. અ. વ. એ અસરની નમાઝ પઢાવી અને જલ્દી પોતાના ઘરે પહોંચી ગયા અને પછી બહાર આવ્યા પૂછવા પર ફરમાવ્યું કે હું સદકાના માલમાંથી સોનાનો એક ટુકડો ઘરમાં છોડીને આવ્યો હતો. મને પસંદ નથી કે આખી રાત તે મારી પાસે રહે માટે મે તેને વહેંચી દીધો.

હઝરત ઉમ્મે સલમા બયાન કરે છે કે એક વાર નબી કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મારી પાસે આવ્યા અને તેમના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો. મેં વિચાર્યું કે કોઈ તકલીફ કે અગવડતાને કારણે હશે. મેં કહ્યું, હે અલ્લાહના રસુલ! તમારા ચહેરાનો રંગ બદલાઈ ગયો છે. શું કોઈ તકલીફને કારણે?" પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યું, "ના! બલ્કે, તે સાત દિનારને કારણે છે જે સાંજે અમારી પાસે આવ્યા હતા અને રાત વીતી ગઈ અને અમે તે ખર્ચ્યા નહીં. હું તે પલંગના ખૂણામાં ભૂલી ગઈ. જ્યારે મને યાદ આવ્યું ત્યારે મને ખૂબ તકલીફ થઈ હતી.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે આંહઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની એવી હાલત હતી કે આપની પાસે જે કંઈ પણ હતું તે દાન કરી દેતા હતા.

આંહઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ખૂબ જ વિનમ્ર હતા. જ્યારે પણ આપની પાસેથી કંઈક માંગવામાં આવતું, ત્યારે તેઓ તે આપી દેતા. દાનની બાબતમાં તેઓ બધા લોકોમાં સૌથી ઉદાર હતા.

એકવાર, સિત્તેર હજાર દિરહામ આપની પાસે આવ્યા. આ સંપત્તિ એક સાદડી પર મૂકવામાં આવી હતી. આપ આ સંપત્તિ વહેંચવા માટે ઉભા થયા. કોઈ માંગવાવાળો એવો નથી જેને આપે ખાલી હાથે પાછું ફેરવ્યો જોય જ્યાં સુધી આપે બધી સંપત્તિ વહેંચી ન દીધી.

હઝરત ઉસ્માનએ નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દ્રાક્ષનો એક ગુચ્છો ભેટ તરીકે આપ્યો અને એ પણ બયાન કરવામાં આવે છે કે ખજૂરોનો એક ગુચ્છો હતો. એક સ્થાને દ્રાક્ષ છે અને બીજા સ્થાને ખજૂર છે. કહે છે પછી એક ભિખારી આવ્યો તો આપ સ. અ. વ. એ તે તેને આપી દીધો . પાછી હઝરત ઉસ્માન એ તેને એક દિરહમમાં ખરીદી લીધો. તે ભિખારીને ફરીથી આંહઝરત સ. અ. વ. ની સામે પેશ કરવામાં આવ્યો પછી તે ભીખરી ફરીથી આવી ગયો તો તેને આપ સ. અ. વ. એ બીજી વાર આપી દીધો આમ ત્રણ વાર થયું. હઝરત ઉસ્માન ખરીદતા હતા આપ સ. અ. વ. ને પેશ કરતાં હતા તે આવીને ફરીથી માંગી લેતો આપ તેને આપી દેતા. છેવટે, પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ નારમીથી માગનારને ફરમાવ્યું: હે ફલાણા ! શું તમે ભિખારી છો કે વેપારી! તમે માગવા આવ્યા છો? માગનાર આવું તો નથી કરતાં તમે તો દિરહમ પણ કમાઈ રહ્યા છો અને વેપાર પણ કરો છો. આપ સ. અ. વ. એ ઈનકાર ન કર્યો પણ નરમીથી તેને નસીહત કરી કે આ કાર્ય ઠીક નથી જે તમે કરી રહ્યા છો.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામના સંદર્ભેથી હઝરત ઝૈદ બિન સઆનાહના ઈસ્લામ સ્વીકારવાની વાર્તા બયાન કર્યા પછી, સૈયદના હુઝૂર અનવરે ફરમાવ્યું: આ છે આપ સ. અ. વ. નું સારું ચારિત્ર્ય કે આપે કર્ઝ લઈને માત્ર એક કોમને ભૂખમરાથી બચાવ્યું નહીં પરંતુ આપના ચારિત્ર્યથી એક યહૂદી વિદ્વાનને પણ મુસલમાન બનાવ્યો. અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદી વ અલા આલે મુહમ્મદ વ બારીક વ સલ્લીમ ઈન્કા હમીદ મજીદ.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّا اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَاْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔